**તા.૦૬/૦૫/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૦ લીટર દેશી દારૂ, ૪૧૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૮ બિયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૦૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૦૩/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** ભુમીકાબેન ડો/ઓ ચંન્દ્રકાંતભાઇ ગોડેશ્વર(રામાનંદીસાધુ)(ઉ.વ.૩૮)(રહે.વિક્રમાદિત્ય સોસાયટી બજરંગ આશ્રમ સામે, કૃષ્ણનગર) એ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને-૨૦૧૭ થી તા.૧૦/૦૪/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ભગવતસિંહ ભવરસિંહ રાજપુત (રહે.ગુ.હા.બોર્ડ બાપુનગર) એ ભુમીકાબહેનને વિશ્વાસમાં લઇ, તેમની પાસેથી કુલ રૂપિયા ૧૯,૦૦,૦૦૦/- હાથ ઉછીની મેળવી લઇ, આજદિન સુધી રૂપિયા પરત નહી આપી ભુમીકાબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.કિશોરી ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૦૪/૨૦૨૫**

**નારોલઃ** (૧) કુત હર્ષદભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે.આરાધના વિલા સોસાયટી જડાબા હોલની બાજુમાં ઉમિયાપુર રોડ તા.દસક્રોઇ અમદાવાદ) અને (૨) હિતેન્દ્રભાઇ જયંતીભાઇ પરમાર (ઉ.વ.૩૦)(રહે.વણકર વાસ હનુમાનજીના મંદિર પાસે ગામ.લાલી તા.જી.ખેડા) તા.૦૫/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે જેતલપુર ગામ જડાબા હોલ પાસે આરાધના ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ "બી.ઇ.એશિયા ભારતી એન્જિનિયરિંગ" ખાતે ધાબા ઉપર પાણીની ટાંકીની પાઇપમાંથી પાણી લીકેજ થતું હોઇ રિપેર કરવા લોખંડની સીડી મૂકી ઉપર ચડવા સારૂ જતા હતા ત્યારે સીડી લેતી વખતે આ સીડીની બાજુમાંથી પસાર થતા જીઇબી ના વીજળીના તારને અડી જતા બંનેને વીજ કરંટ લાગતા સારવાર અર્થે તેમને ઝાયડસ હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રી એ કુત હર્ષદભાઇ પટેલ નાઓને તા.૦૫/૦૫/૨૦૨૫ બપોરના ૨/૫૦ વાગે તથા હિતેન્દ્રભાઇ જયંતીભાઇ પરમાર નાઓને તા.૦૫/૦૫/૨૦૨૫ બપોરના ૨/૫૫ વાગે મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આણંદભા આપાભા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૦૫/૨૦૨૫**

**વાસણાઃ** (૧) હેતલબેન ડો/ઓ કલ્પેશભાઈ રાજુભાઈ દંતાણી (ઉ.વ.૧૯)(રહે.ગણેશ શેરી, સોમેશ્વરનગર કેન્સર હોસ્પીટલની પાછળ વાસણા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે આવેલ લોખંડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.ગલ ચલાવે છે.

**વાસણાઃ** (૨) હર્ષ સ/ઓ ભરતભાઇ વાળોદરા (ઉ.વ.૨૩)(રહે.ગોકુલ શેરી, સોમેશ્વરનગર વાસણા)એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.જાદવ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટઃ** દેવીલાલ નારૂજી લુહાર (ઉ.વ.૪૮)(રહે.વનરાજ ફ્લેટ શક્તિ સ્કુલની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૫ સવારના ૧૧/૦૦ થી રાતના ૯/૦૦ વાગ્યા દરમ્યાન ચાંદલોડીયા વિશ્વકર્મા બ્રીજની બાજુમાં આવેલ “વારાહી એસ્ટેટ” “જય નારસીંગ માઁ ફેબ્રીકેશન” નામના કારખાનામાં પતરાના છતમાં લાગેલ લોખંડની ફ્રેમ સાથે રસ્સી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ સુરાજી ચલાવે છે.

**નિકોલઃ** પોપટભાઇ ધુળાભાઇ પંચાલ (ઉ.વ.૬૭)(રહે.ગોકુલ ગેલેક્ષી એપાર્ટમેન્ટ, કઠવાડા તળાવ સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૫/૨૦૨૫ ના કલાક ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ફ્લેટ્ના ત્રીજા માળે થી નીચે પડ્તુ મુકતા શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિંગરવા સરકારી હોસ્પિટલ ખાતે લાવતા ફરજ પરના ડો.શ્રીએ કલાક ૩/૧૫ વાગે પોપટભાઇને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણીકલાલ ચલાવે છે.

**રામોલઃ** ધવલ માવજીભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૯)(રહે.ક્રિષ્નાપાર્ક સોસાયાટી સોમનાથ મહાદેવ મંદિરની બાજુમાં વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૫/૨૦૨૫ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કાર્તિકભાઈ મોતીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી